# પાલનપુરમાં ભાજપ શાસિત પાલિકાની વોર્ડ-૭ની પેટા ચૂંટણીમાં ભાજપનો પરાજય

પાલનપુર નગરપાલિકા ની વોર્ડ નંબર ૭ ની પેટા ચુંટણી ની મતગણત્રી આજે પાલનપુર પ્રાંત કચેરી ખાતે યોજાઈ હતી જેમાં વોર્ડ નાં ૧૧ બુથ ના ૧૧ ઈવીએમ મશીન ની મતગણતરી પાલનપુર ના પ્રાંતઓફિસરના અધ્યક્ષ સ્થાને શરુ કરવામાં આવી હતી.

જેમાં કોગ્રેશ ના ઉમેદવાર કૌશિક જોશી એ ૩૦૧ મતો થી જીત હાંસલ કરી હતી થોડાક સમય અગાઉ કોગ્રેસ ના વર્તમાન નગર સેવક અશોક પુરોહિત એ ભાજપ ના એક નેતા ના કહેવાથી રાજુનામું આપ્યા બાદ ખાલી પડેલી વોર્ડ નબર ૭ ની પેટા ચુંટણી માં કોગ્રેસ ના ઉમેદવાર કૌશિક જોશી અને પક્ષ પલટો કરીને આવેલા ભાજપ ઉમેદવાર અશોક પુરોહિત વચ્ચે ચુંટણી જંગ માં કોગ્રેસ એ ભાજપ ને તમાચો મારી પોતાની બેઠક જાળવવી રાખી છે શાંત પાણી પથ્થર મારી ને કોગ્રેસ ના નગરસેવક ને



રાજુનામું આપવાનું ખેલ ભાજપ ના એક વરિષ્ઠ નેતા ખુબ જ ભારે પડ્યું છે જો કે ભાજપ ની હાર પાછળ એક કારણ એ પણ માનવા માં આવે છે કે પક્ષ પલટો કરીને આવેલા વ્યક્તિ ને ટીકીટ આપતા સ્થાનિક ભાજપ કાર્યકર્તાઓની નારાજગી પણ જવાબદાર છે.

પાલિકા ની આ પેટા ચુંટણી માં ના કુલ ૩૭૧૦ જેટલું મતદાન થયું હતું જેમાંથી ભાજપ ને ૧૬૭૦ મત જયારે કોગ્રેસ ને ૧૯૭૧ મત મળ્યા છે તેમજ ૬૯ મતદારો એ નોટા માં મત આપ્યું હતું જેથી કોગ્રેસ ના ઉમેદવાર કૌશિક જોશી ની ૩૦૧ મતો થી જીત થતા સમર્થકો એ હાર પહેરાવી શુભકામના પાઠવી હતીગત પાલિકા ની સામાન્ય ચુંટણીમાં શહેરના વોર્ડ નંબર ૭ માં કોગ્રેસ ના ઉમેદવાર તરીકે ૬૫ મતો થી જીત મેળવનાર અશોક પુરોહિત એ ભાજપ માં ૩૦૧ મતો હાર મેળવી છે ત્યારે રાજકીય કારકિર્દી શરુઆત માં પાલિકા માં નગર સેવક ની નામના ધરાવનાર ની હાલત હવે ધોબી કા કુતા ન ઘરકા ન ઘાટ કા જેવી થઈ ગઈ છે જો કે મીડીયા સાથે ની વાતચીત માં પોતાની હાર પાછળ ખુદ જવાબદાર હોવાનું જણાવ્યું હતું.

# યુનિ. કક્ષાની પરીક્ષામાં તલોદ કોલેજનું પરિણામ આશ્ચર્યજનક આવતા વિદ્યાર્થીઓ ધૂંઆપૂઆ

## સાબરકાંઠાના તલોદ ખાતેની એચ.પી. આર્ટસ એન્ડ ટી.એસ.એમ. કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓના પરિણામ જોતાં કોલેજના વહિવટીતંત્ર અને અભ્યાસની ટીકા થઈ રહી છે

તલોદ, તા. ૫

ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન સાબરકાંઠા જિલ્લાના તલોદ ખાતેની આર્ટસ અને કોમર્સ એમ બન્ને કોલેજના વિદ્યાર્થીઓએ આવેલ યુનિવર્સિટી કક્ષાની પરીક્ષાનુ પરિણામ ઉચ્ચ અભ્યાસની ગુલબાંગોની ઘોર ખોદે તેવુ આવતાં જ સ્વયં વિદ્યાર્થીઓ પણ ચોંકી ગયા છે. ઉ.ગુ.ની પ્રતિષ્ઠિત એવી તલોદ કોલેજનું આ પરિણામ કોલેજના ખાડે ગયેલા મનાતા અભ્યાસને કારણે હશે ? કે યુનિવર્સિટીએ તલોદ કોલેજને લક્ષ્યાંક (ટાર્ગેટ) બનાવી આમ સેંકડો વિદ્યાર્થીઓને વેતરી નાખ્યા હશે..? તેવા અનેકાનેક સવાલો પેદા થયા છે. જે કોલેજનો સંપૂર્ણ વહિવટ કોલેજના પ્રિન્સિપાલ 'વહિવટદાર' તરીકે કેટલાક માસથી ચલાવી રહ્યા છે. જે સંસ્થા ચર્ચાનું માધ્યમ બની છે.

તલોદ કોલેજની યુનિ. કક્ષાની ઓક્ટોબર-ડિસેમ્બર-૨૦૧૬ની એન્યુઅલ પરીક્ષાનું રિઝલ્ટ ભારે દુઃખદ અને અચરજ જનક ભાંસી રહ્યું છે. અહિં બી.એ.-સેમ.-૫ના વિદ્યાર્થીઓએ મુખ્ય વિષય અંગ્રેજી સાથે આપેલ યુનિ. કક્ષાનું પરિણામ 'ઓનલાઈન' જોતાં જ વિદ્યાર્થીઓના ભાવિ સ્વપ્નાં 'ઓફ લાઈન' થઈ જાય સ્થિતિનું નિર્માણ થવા પામ્યું હતું. કુલ ૧૮૬ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી માત્ર ૮ વિદ્યાર્થીઓ પાસ થયા હતા. તેમાં પણ ૫ વિદ્યાર્થીઓ તો કૃપાગુણથી પાસ થવા સાથે આ ૮ વિદ્યાર્થીઓ પાસ જાહેર થયા હતા. જેથી ૯૫ ટકાથી વધુ વિદ્યાર્થીઓ નાપાસ જાહેર થયા હતા.

આ પરિણામથી ચોંકી ઉઠેલા વિદ્યાર્થીઓએ યુનિ.ના કુલ સચિવને આવેદનપત્ર પહોંચાડી આ બદતર પરિણામની યોગ્ય તપાસ કરી ન્યાય અપાવા વિનંતી કરેલ છે. વિદ્યાર્થીઓએ આ પરિણામ સંદર્ભેતલોદ કેન્દ્રના પરીક્ષકની કિન્નાખોરી અથવા યુનિ.ના છબરડા હોવાની આશંકાઓ વ્યક્ત કરી છે. કારણ કે ૧૮૬માંથી નાપાસ જાહેર થયેલા ૧૭૮ વિદ્યાર્થીઓના ભાવિ સામે ખતરાની ઘંટી જેવી સ્થિતિનું નિર્માણ થવા પામેલ છે.

વિદ્યાર્થીઓએ યુનિ. સત્તાવાળાઓને આવેદનપત્રમાં લેખીત 'અલ્ટિમેટમ' આપેલ છે કે જો વિદ્યાર્થીઓના જાહેર હિતમાં યુનિ. સત્તાધિશો તપાસ કરી ન્યાય નહિ અપાવે તો આવનાર તમામ પરીક્ષાઓ સંદર્ભે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની વિદ્યાર્થીઓને ફરજ પડશે.

# શ્રી રામ સેવા સમિતિ મહેસાણા દ્વારા ૩૬મી શ્રી રામનવમી વિશાળ રથયાત્રા યોજાઈ

## નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલના હસ્તે રથયત્રાનું પ્રસ્થાન કરાયું

મહેસાણા, તા. ૫

મહેસાણા શહેરમાં શ્રી રામ સેવા સમિતિ મહેસાણા દ્વારા ૩૬મી રામનવમી વિશાળ રથયાત્રાનું પ્રસ્થાન નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે કરાવ્યું હતું.મહેસાણા શહેરમાં ૧૯૮૨થી શોભાયાત્રા-રથયાત્રાનો પ્રારંભ થયો છે. રામનવમીના પવિત્ર અને કલ્યાણકારી દિવસે રામચંદ્રજીની ૩૬મી રથયાત્રાનો પ્રારંભ સાધુ સંતો અને અગ્રણીઓની ઉપસ્થિતિમાં નાયબ મુખ્યમંત્રી દ્વારા કરવામાં આવ્યો હતો.

રામનવમી રથયાત્રા પ્રસ્થાન



પ્રસંગે ઉપસ્થિત નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે રાજ્યની ગૌરવવંતી રથયાત્રા રાષ્ટ્રીય અને ભાવનાત્મક એકતાને સુદૃઢ બનાવી રહી છે.જિલ્લાની સમગ્ર જનતાને જોડનાર કડી સ્વરૂપ યોજાતો ઉત્સવ સામુહિક સમાજનો ઉત્સવ બન્યો છે. રાજ્યના ખુણે-



ખુણામાં મહેસાણા જિલ્લાની રામનવમી રથયાત્રાનું નામ ગુંજતુ થયું છે તેમ જણાવ્યું હતું.

નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ વધુમાં જણાવ્યું હતું કે ગૌ માતાના રક્ષણ કાજે રાજ્ય સરકાર દ્વારા કડક કાયદો અમલમાં લેવાયો છે. જેમાં સજા દસ વર્ષથી માંડીને જનમટીપ સુધી કરાઈ છે.

રામનવમીની ૩૬ મી રથયાત્રામાં મહાનુભાવો દ્વારા ધર્મ-ધજા આરોહરણ તેમજ રામચંદ્ર ભગવાનની આરતી કરવામાં આવી હતી. નાયબ મુખ્યમંત્રીનું સ્વાગત-સન્માન સેવા સમિતિ દ્વારા કરવામાં આવ્યું હતું.

મહેસાણા શહેરની આ ૩૬મી રથયાત્રા ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતી અને નવી પેઢીને વારસો પ્રદાન કરે છે. આ રથયાત્રા નિહાળવા મોટી સંખ્યામાં લોકો એકત્રીત થાય છે તેમજ રથયાત્રા જે માર્ગમાંથી પસાર થાય ત્યારે રામચંદ્રજીના દર્શન કરવાનો આસ્થાનો સાગર લહેરાતો જોવા મળે છે. રથયાત્રાના કાર્યમાં યુવાનો અને વડીલોનો સહયોગ બિરદાવવા લાયક હોય છે.

# ઊંઝાના રહેણાંક મકાનમાં ટોળાએ ઘૂસી આગ ચાંપતા ભારે ચકચાર

ઊંઝા, તા. ૫

ઊંઝા ખાતે હાઈવે પર આવેલ રવિ બંગ્લોઝના એક મકાનમાં રાત્રિના સમયે જૂની અદાવતે કેટલાક શખ્સોની ટોળકીએ પ્રવેશ કરી ઘરના માણસોને અપશબ્દો બોલી અંદર કેદ કરી આગ લગાડી એક્ટીવા તેમજ અન્ય સામાનને નુકશાન કરી બે મહિલાઓને પણ દઝાડી હોવાનું ચોંકાવનારો બનાવ બનતા શહેરમાં ભારે ચકચાર જાગી છે.

ઊંઝા શહેરમાં છેલ્લા કેટલાક વખતથી બે જૂથો વચ્ચે ભારે ખટરાગ ચાલી રહ્યો હોઈ અવારનવાર હૂમલો, તોડફોડ, આગ લગાડવાના બનાવો બની રહ્યા હોઈ વાતાવરણ ડહોળાયું છે. ત્યારે તાજેતરમાં શહેર યુવા ભાજપ પ્રમુખ નિશીત પટેલ ધમા મિલન અને તેના સાગરિતોએ કરેલ હૂમલાના આરોપી રવિ પંચાલની બહેન જ્યાં રહે છે તે રવિ બંગ્લોઝના એક મકાનમાં મધરાત બાદ કેટલાક શખ્સોએ ગેરકાયદે મંડળી રચી આ મકાનમાં ગેરકાયદે પ્રવેશ કર્યો હતો. બાદ ઘરના હાજર બે મહિલાઓને અપશબ્દો બોલી ઘરનો મુખ્ય દરવાજો બંધ કરી દઈ એક્ટીવાને આગ લગાડી હતી. જેથી એક્ટીવા સળગી ગયુ હતુ તેમજ બે મહિલાઓ પણ શરીરે દાઝી જવા પામી હતી. હૂમલાખોર ટોળકીએ અન્ય કેટલાક વાહનોને પણ નુકશાન પહોંચાડ્યુ હતુ.

શરીરે દાઝેલ બંને મહિલાઓને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે ભયની લાગણી ફેલાઈ હતી. ઊંઝામાં પોલીસની નિષ્ક્રિયતાને કારણે બંને જૂથોના કહેવાતા કેટલાક તત્વો બેફામ બની જતાં શહેરની સ્થિતિ ખરાબ થઈ જાય છે. ત્યારે જિલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીઓએ શહેરમાં વધુ અશાંતિ થતી રોકવા માટે તાકિદે કાયદાકીય કડક પગલાં ભરવા જોઈએ તેવો લોકસૂર ઉઠ્યો છે.

ઉપરોક્ત બનાવ અંગે પંચાલ સોનલબેન દશરથભાઈની ફરિયાદના આધારે ઊંઝા પોલીસ જીગર, નિશીતનો ભાઈ, રૂચિત, ઋત્વિક તેમજ અન્ય ત્રણથી ચાર શખ્સો વિરૂદ્ધ રાયોટીંગ, ગેરકાયદે પ્રવેશ, ગેરકાયદે કેદ, આગ અંગેનો ગુનો નોંધી વધુ તપાસ આરંભી છે.

## મહેસાણામાં રામલલ્લાના જન્મોત્સવે રથયાત્રા નીકળી

મહેસાણા, તા. ૫

મહેસાણા શહેરમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ રામનવમીના પવિત્ર દિવસે પરંપરાગત રીતે શ્રી ભગવાન રામચંદ્રજીની ભવ્ય રથયાત્રા નીકળી હતી. શહેરના પરા રામજી મંદિર અને તોરણવા માતાના ચોક ખાતેથી બે રથયાત્રાઓનું આજે બપોરના સમયે રાજ્યના ઉપમુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ તેમજ સ્થાનિક અગ્રણીઓ, સાધુસંતોની હાજરીમાં જયશ્રીરામના જયગોષ સાથે ભક્તિભાવપૂર્વક પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં ભાવિકજનો જોડાયા હતા. શહેરના રામજી મંદિરેથી બપોરના સમયે નીકળેલી રથયાત્રા પરા, ધોબીઘાટ, ગાયત્રી મંદિર, માનવ આશ્રમ સાંઈ બાળ મંદિર વગેરે સ્થળોએ ફરી મોડી સાંજે નીજ મંદિરે પરત ફરી હતી.

# પ્રાંતિજ પાસે ટોલટેક્સ બચાવવા વાહનચાલકો ગામોમાં થઈને પસાર થતા ગામજનો પરેશાન

પ્રાંતિજ, તા. ૫

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ કતપુર ટોલનાકાને લઈને વાહનચાલકો ટોલ બચાવવા માટે ટોલ બુથની બાજુનાં ગામડાઓનો ઉપયોગ કરે છે અને આને લઈને ગામ્ય વિસ્તારોમાં ટ્રાફિકની સાથે અકસ્માતોની વણઝારમાં વધારો થયો છે.



પ્રાંતિજ નજીક આવેલ કતપુર પાસે ટોલ નાકા પાસે સર્વિસ રોડ વગરનો ટોલટેક્સ ઉભો કરી દેવામાં આવતાં દિવસ દરમ્યાન અનેકવાર અવર-જવર કરનાર વાહન ચાલકોને તોંતીગ ટોલ ટોલટેક્સથી બચવા માટે પાસે આવેલ સાઈડના ગામોમાંથી પ્રસાર થતાં હોય છે. ત્યારે કતપુર, લીમલા, વડવાસા, અનવરપુરા જેવા ગામડાઓમાં રોડ ઉપર આવેલ મકાન માલિકો વાહનનોની અવર-જવરને લઈને ગામજનો ત્રાહિમામ પોકારી ઉઠયા અને માત્ર ગામડામાં દસ ફુટના રોડ હોવાથી વાહન સામસામે આવે તો ખોટો ટ્રાફિકજામ થઈ જાય છે અને અવર-નવાર અકસ્માતમાં ઘટાડો થવાને બદલે વધારો થતો જોવાં મલ્યો છે. ત્યાંરે ટોલ બુથની બાજુમાં સર્વિસ રોડ બનાવવામાં ન આવતાં અને તોતીંગ ટોલટેક્સ ઉઘરાવવામાં આવતો હોવાથી વાહનચાલકો પોતાના વાહનોનો ટોલટેક્સ ભરવો ના પડે અને પૈસા બચાવવાની લ્હાયમાં ગામડાની અંદર થઈ પ્રસાર થાય છે જેને લઈને ગામમાં રોડ ઉપર આવેલ મકાન માલિકોની ઉંઘ હરામ થઈ ગઈ છે અને અવાર-નવાર અકસ્માતોનો ભય સતાવે છે ત્યારે તંત્રમાં આ બાબતે રજુઆત કરવા છતાં તંત્ર દ્વારા કોઈજ યોગ્ય કાર્યવાહી કરવામાં આવી નથી ત્યારે યોગ્ય કાર્યવાહી થાય અને કાયમી ધોરણે ઉપાય થાય તેવી માંગ ઉઠવા પામી છે.

# હિંમતનગરમાં ભગવાન રામની શોભાયાત્રા નિકળી

હિંમતનગર, તા. ૫

ભગવાન વિષ્ણુના અવતાર શ્રી રામના જન્મદિને (રામનવમી)ની ભવ્યાતીભવ્ય રીતે ઉજવવામાં આવે છે. રામનવમીના પવિત્ર પર્વ સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લામાં ઠેર-ઠેર શોભાયાત્રા પણ નિકળે છે. આજરોજ હિંમતનગર શહેરના મહેતાપુરા ખાતે દરવર્ષની જેમ રામનવમીના પવિત્ર પર્વ નિમીત્તે ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. જે મહેતાપુરાના હનુમાનજી મંદિરથી નિકળી રામજી મંદિરે પહોંચી હતી. જયાં ભક્તો દ્વારા યજ્ઞવિધિનો કાર્યક્રમ રાખવામાં આવેલ. શોભાયાત્રામાં યુવાનો, મહેતાપુરા ગ્રામજનો રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ, વિશ્વ હિન્દુ પરીષદ, બજરંગ દળ, મહારાજા યુથ કલબ, ગાયત્રી પરીવાર, શકિત મંડળ, ચેહર માંઈ મંડળ સહિત અનેક યુવા કાર્યકરો સહિત અગ્રણીઓ શોભાયાત્રામાં મોટી સંખ્યામાં જોડાયા હતા. જયારે મહીલાઓએ પણ પરીવાર સાથે રસ્તામાં રથમાં



બીરાજમાન ભગવાન રામના દર્શન-પૂજા કરી હતી. મહેતાપુરામાં શોભાયાત્રામાં પાલીકા ઉપપ્રમુખ અનીરુધ્ધભાઈ સોરઠીયા, સંઘના રમેશભાઈ સોરઠીયા, નલીનભાઈ આર.પટેલ, રમેશભાઈ પટેલ, નરેન્દ્રભાઈ પટેલ, અમૃતભાઈ પાટીદાર, નાગરીક બેન્કના ચેરમેન નલીનભાઈ પટેલ, રવિન્દ્રસિંહ ચાવડા, ઘનશ્યામસિંહ ભાટી, રજજુસિંહ રાઠોડ, રોહિતસિંહ રહેવર, વિકેશ મુથ્થા, જીગર મુથ્થા, અશોક રાવલ, મહેશ શર્મા(ભોલો), જગદીશ સોરઠીયા, ભરતભાઈ રાવલ, ભવાનસિંહ, રાહુલ ભટ્ટ વગેરે હર્ષોલ્લાસ સાથે જોડાઈ ભગવાન શ્રી રામની પૂજા-અર્ચના કરી હતી. યુવાનોએ માથે કેસરી સાફો સાથે જોડાયા. જયારે બજરંગ દળના કાર્યકરો ત્રીશુલ ખેશ સાથે જોડાયા હતા. શોભાયાત્રામાં સ્વર્ગસ્થ ગોપીનાથ નામ્બીયારની ખોટ વર્તાતી હતી.

## ખેડબ્રહ્માના રાધા-કૃષ્ણ મંદિરમાં રામનવમી ઉજવાઈ

ખેડબ્રહ્માના ઠાકોર મંદિર ટ્રસ્ટ સંચાલીત રાધા-કૃષ્ણ મંદિરમાં રામનવમીનો ઉત્સવ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. રામનવમીએ મંદિરમાં ધજા ચડાવવાનો ધર્મલાભ ગોપી મંડળ દ્વારા લેવામાં આવ્યો હતો. જેમાં મંડળના સભ્યના ઘરેથી વાજતે ગાજતે ધજા મંદિરમાં ચડાવવામાં આવી હતી. આ પ્રસંગે મંદિરમાં ગોપી મંડળ દ્વારા ભજન-કિર્તન કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભાવિક ભક્તો ઉપસ્થિત રહી રામ જન્મોત્સવનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. રામ જન્મોત્સવ સફળ બનાવવા મંદિરના પૂજારી જસવંતલાલ પંડ્યા તથા ટ્રસ્ટીઓએ જહેમત ઉઠાવી હતી.



## આગીયામાં હેન્ડપંપ પૂરી દેતા મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો

ખેડબ્રહ્મા, તા. ૫

ખેડબ્રહ્માના આગીયા ગામે સરકારી હેન્ડપંપ પૂરી દેતા ઠપકો આપવા જતા લાકડથી માર મારતા મામલો ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશને



પહોંચ્યો હતો. આગીયા ગામે પાણી માટે સરકારી હેન્ડપંપ નાખવામાં આવેલ હતો. જેને હિતેન્દ્રસિંહના પિતાજી દ્વારા પૂરી દેવામાં આવેલ જેથી વિજયસિંહ લક્ષ્મણસિંહ વાઘેલા બુધવાર સવારે કહેવા ગયા હતા. હિતેન્દ્રસિંહ વિક્રમસિંહ રહેવર એકદમ ઉશ્કેરાઈ ગયેલા અને વિજયસિંહને મા-બેન સામે વિભત્સ ગાળો બોલી ગડદાપાટુનો માર મારેલ અને તેમના હાથમાંની લાકડીથી વિજયભાઈના હાથે પગે અને માથામાં મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# લક્ષ્મીપુરામાં રામનવમીએ ૬૮મો સંત મેળાવડો

ખેડબ્રહ્મા, તા. ૫

ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા ગામે રામનવમીએ રામજી બાવજીની પૂણ્યતિથિ નિમિત્તે ૬૮મો સંત મેળાવડો યોજાયો હતો.

લક્ષ્મીપુરામાં રામનવમીના રોજ સવારે રામજી મંદિરથી ભગવાનની શોભાયાત્રા નીકળી હતી. જે ગામમાં ફરી હતી. રામનવમીએ યોજાતા સંત મેળાવડામાં નરસિંહદાસ મહરાજ-કાંકણોલ રામજી બાવજી-ધોલવાણી, આત્માનંદજી-કોબા, બાલબ્રહ્મચારી પ્રકાશ પ્રભુ-ભિલોડા સહિતના સંતોએ સંતવાણીનો ભક્તોએ લાભ લીધો હતો. આ પ્રસંગે સંતોએ જણાવ્યું હતું કે બે નરી આંખે જોશો તો કઈ નહી દેખાય પણ જ્ઞાનરૂપી



ત્રીજુ નેત્રથી જોશો તો ભવસાગર પાર થઈ જશે, આપણે બધા શરીર અને કપડા સાફ કરવા સાબુ વાપરીએ છીએ પણ અંતર મન સાફ રાખવા માટે સત્સંગમાં જવાનુ ટાળીએ છીએ. આ સંત મેળાવડામાં ખેડબ્રહ્મા, વડાલી, ઈડર તાલુકામાંથી મોટી સંખ્યામાં સત્સંગીઓ આવ્યા હતા. સમગ્ર સંત મેળાવડાનું આયોજન રામજી બાવજી ટ્રસ્ટ, લક્ષ્મીપુરા દ્વારા કરવામાં આવ્યું હતું.

# ખેડબ્રહ્મા બ્રહ્માજી ચોકમાંથી પીકઅપ ડાલુ ચોરાયુ

ખેડબ્રહ્મા, તા. ૫

ખેડબ્રહ્મા શહેરના બ્રહ્માજી મંદિર પાછળ રહેતા સાંખલા અમરસિંહ ઈન્દ્રસિંહ પોતાની મહિન્દ્રા પીકઅપ ડાલુ નં. જીજે.૯.એવી.૭૨૧૭ ટ્રાન્સપોર્ટ કંપનીમાં ફેરવે છે. જેને મંગળવાર રાત્રે કામ પુરૂ કરી બ્રહ્માજી ચોકમાં મુકી ઘરે ગયા હતા. રાત્રે ૧૧.૩૦ વાગે પોતાનો મોબાઈલ ગાડીમાં જ હોઈ તે પરત લઈ અને સુઈ ગયા હતા. અને બુધવાર સવારે ફરી કામ પર જવા બ્રહ્માજી ચોકમાં ગાડી લેવા આવેલા ત્યાં ગાડી મુકેલ જગ્યાએ ન હોઈ તેમના પિતાજીને પુછ્યુ હતુ કે તમે ગાડી ફેરવી છે તેમને ના પાડતા અમરસિંહને ગાડી ચોરી થયા હોવાનું જણાતા તેમણે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશને જાણ કરી હતી.

આ ઉપરાંત ખેડબ્રહ્મા અંબિકા માતાજી મંદિરમાં ચૈત્રી આઠમે ખેડબ્રહ્માના જગદીશભાઈ મહેશભાઈ પટેલ પોતાનું બાઈક નં. જીજે.૯. સીડી. ૩૯૮૫ લઈ પાર્કિંગમાં પાર્ક કરી અંદર ગયા હતા. પરત ફરી આવી જોતા તેમનુ બાઈક પાર્કીંગમાં ન હતુ. જેથી બાઈક ચોરાયાનુ જણાઈ આવતા બુધવારે પોલીસને જાણ કરી હતી તેથી પોલીસે મંદિરના સીસીટીવી ચેક કરી કાર્યવાહી હાથ ધરી હતી.